# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) રાજયની 66 નગરપાલિકા અને જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર - 16 ફેબ્રુઆરીએ મતદાન અને 18મી ફેબ્રુઆરીએ પરીણામ.

2) રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા ૪૪ પ્રવાસન સ્થળોના માર્ગોની સુધારણા માટે બે હજાર ૨૬૯ કરોડ રૂપિયા મંજૂર કરાયાં.

3) સાંકડા પુલો અને તેનાં માળખાંઓને પહોળા કરવા ૪૬૭ કરોડ રૂપિયાથી વધુની રકમ ફાળવાઈ.

4) કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ પોરબંદર જિલ્લા માટે વિવિધ વિકાસકાર્યોનું ઇ-ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણ કર્યું.

5) ગુજરાત જાહેર સેવા આયોગની ભરતીમાં દસ્તાવેજ ચકાસણી થાય ત્યાં સુધી સ્નાતક અને જાતિનું પ્રમાણપત્ર રજૂ કરી શકાશે.

6) રાજ્યમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ આવતીકાલથી શરૂ થવાની હવામાન વિભાગની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE ELECTION PROGRAM ANOUNCED

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકા અને રાજ્યની 66 નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીની જાહેરાત કરી છે. આ તમામ પાલિકાઓમાં 16 ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને 18મીએ મતગણતરી હાથ ધરાશે. આ ઉપરાંત કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે જ્યારે બોટાદ અને વાંકાનેર નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા 27 ટકા અનામત કર્યા પછી કાયદાકીય ગૂંચ ન હોય તેવી ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હોવાનું રાજ્ય ચૂંટણીપંચનાં કમિશ્નર એસ. મુરલી કિષ્નાએ જણાવ્યું..

(બાઇટ- એસ.મુરલી ક્રિષ્ના, રાજ્ય ચૂંટણી કમિશનર)

ચૂંટણીની જાહેરાત સાથે જ હવે જે જીલ્લાઓમાં ચૂંટણી જાહેર કરવામાં આવી છે તેવા જીલ્લાઓમાં આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઇ ગયો છે

(બાઇટ- એસ.મુરલી ક્રિષ્ના, રાજ્ય ચૂંટણી કમિશનર)

જ્યારે રાજ્યમાં ગ્રામ પંચાયતોમાં અનામતની કામગીરી ચાલી રહી છે અને આ કામગીરી પૂર્ણ થયા બાદ ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર કરાશે.

બીજી તરફ રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જાહેર થયેલી ચૂંટણીનાં કાર્યક્રમને ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા આવકારવામાં આવ્યો હતો.

. . . . . . . . . .

# CM TOURISM PLACES ROAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રવાસનને વધુ વેગ આપવા 44 પ્રવાસન સ્થળોના માર્ગોની સુધારણા માટે 2 હજાર 269 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ પ્રવાસન સ્થળોના કુલ 58 માર્ગોનાં નવીનીકરણ તેમજ માર્ગો પહોળા કરવાની કામગીરી કરાશે. આ 58 માર્ગોની સુધારણાથી પ્રવાસીઓને ઉત્કૃષ્ઠ અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે.

આ ઉપરાંત મુસાફરીનો સમય અને ખર્ચ પણ ઘટવા સાથે પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારોનો આર્થિક વિકાસ થશે તેમજ રોજગારીની તકોનું સર્જન થશે.

. . . . . . . . . . . . .

# CM BRIDGE STRUCTURE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાંકડા પુલ-માળખાને પહોળા કરવા 467 કરોડ 50 લાખ રૂપિયા ફાળવ્યા છે. આ ઉપરાંત ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારને જોડતા 29 માર્ગોના નવીનીકરણ અને પહોળાઈ વધારવા 190 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

આ અગાઉ મુખ્યમંત્રીએ સાંકડા પુલો-સ્ટ્રક્ચર્સને પહોળા કરવા 245 કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. હવે વધુ 11 માર્ગોને પહોળા કરવા 467 કરોડ 50 લાખ રૂપિયા તેમણે માર્ગ-મકાન વિભાગને ફાળવ્યા છે. જેથી 11 સ્થળોએ વધુ સુવિધાયુક્ત સલામત રસ્તા લોકોને મળશે

. . . . . . . . . . . . .

# TWO YUTHS DEATH

સુરેન્દ્રનગરના પાટડીમાં ભૂગર્ભ ગટરના પંપિંગ સ્ટેશનમાં સાફસફાઈ માટે ઉતરેલા બે યુવકોના મોત થયા હતાં. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને બંને યુવકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતાં.

. . . . . . . . . . . . .

# DIU POSTAL SANMAN

ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ યોજના ક્ષેત્ર બનાવવા બદલ સન્માન સમારોહ યોજાયો હતો. ઘોઘલા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના હોલ ખાતે યોજાયેલા આ સંમાન સમારંભમાં પોસ્ટ માસ્ટર જનરલ ક્રિષ્ના કુમાર યાદવ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત પાસબુક, મહિલા સન્માન સેવિંગ સર્ટિફિકેટ, PLI બોન્ડ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે  ઉત્કૃષ્ટ કામગીરી બદલ કેશોદ, જૂનાગઢ, વેરાવળ વગેરેના પોસ્ટ વિભાગના કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ કૃષ્ણ કુમાર યાદવે  પોસ્ટ ઓફિસની વિવિધ યોજનાઓની માહિતી આપીને યોજનાઓનો વધુને વધુ લાભ લેવા અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# PORBANDAR – MANDVIYA E-LOKARPAN

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ પોરબંદરના વિકાસ માટે 17 કરોડ 14 લાખ રૂપિયાના 61 વિકાસલક્ષી કામોનું આજે ઇ-ખાતમુહૂર્ત અને 2 કરોડ 36 લાખના 100 કામોનું ઇ-લોકાર્પણ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઘર વિહોણા માટે રાત્રિ આશરો, માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળ આવતા કામો, કુતિયાણામાં 6 પેટાઆરોગ્ય કેન્દ્ર સહિતના ઇ-ખાતમુહૂર્ત કરાયું હતું તેમજ સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) હેઠળ આવતા 82 કામો અને પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ આવતા 18 વિકાસલક્ષી કામોની ઇ-લોકાર્પણ કરાયું હતું.

. . . . . . . . . . . . .

# BANASKANTHA SWARUPJI COMMITTEE

રાજ્યના મંત્રી જગદીશ વિશ્વકર્માની પરામર્શ સમિતિમાં સભ્ય તરીકે વાવ વિધાનસભાના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરનો સમાવેશ કરાયો છે. અમારા બનાસકાંઠા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે રાજ્યના મંત્રીઓ પોતાના વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલ સંબંધિત બાબતોમાં વિચાર વિનિમય માટે પરામર્શ સમિતિની રચના કરવામાં આવે છે. ત્યારે કેબિનેટ કક્ષાના તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતાં રાજ્ય કક્ષાના મંત્રીઓના અધ્યક્ષસ્થાને 11 ધારાસભ્યોની પરામર્શ સમિતિની રચના કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# GNR GPSC DECISION

ગુજરાત જાહેર સેવા આયોગ GPSC દ્વારા લેવાયેલી અન્ન અને નાગરિક પુરવઠા નિગમમાં મદદનીશ મેનેજરની ભરતી પરીક્ષાની આન્સર કીમાં ભૂલો સામે આવી હતી. આ બાબતે GPSCના ચેરમેન હસમુખ પટેલે સ્પષ્ટતા કરી છે.

(બાઇટ: હસમુખ પટેલ – અધ્યક્ષ, ગુજરાત જાહેર સેવા આયોગ)

દરમિયાન ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્નાતક અને જાતિના અંગેના પ્રમાણપત્ર સહિતના નિર્ણયો અંગે પણ હસમુખ પટેલે માહિતી આપી.

(બાઇટ: હસમુખ પટેલ – અધ્યક્ષ, ગુજરાત જાહેર સેવા આયોગ)

દરમિયાન નિંબધલક્ષી પ્રશ્નોનાં જવાબની ચકાસણી કરતાં નિષ્ણાંતોનું મહેનતાણું બમણું કરવાનો પણ ગુજરાત જાહેર સેવા આયોગે નિર્ણય લીધો છે..

. . . . . . . . . . . . .

# RAJKOT FOOD CHECKING

રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અલગ અલગ સ્થળે તપાસ કરવામાં આવી હતી જેમાં પીઝા, ઢોંસા તેમજ અલગ અલગ રેસ્ટોરાંમાં તપાસ કરવામાં આવી હતી. અલગ અલગ દુકાનોમાંથા વાસી અંને સંગ્રહી રાખેલો ખોરાક સહિતની અખાદ્ય હોય તેવી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી હતીને અને દુકાનોના સંચાલોકને નોટિસ ફટકારવામાં આવી હતી.

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના રૈયા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ 20 ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં 07 ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના આપીને ખાધ્ય ચીજોના કુલ 17 નમૂનાની સ્થળ પર ચકાસણી કરાઇ હતી. આ લારીવાલાઓ પાસેથી સીંગ, તલની ચિકીના નમૂના લઇને ચકાસણી માટે મોકલી અપાયા હતા.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી 24 કલાક બાદ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થતાં ઠંડીનો ફરી એક રાઉન્ડ શરૂ થાય તેવી આગાહી કરી છે. છેલ્લા ત્રણથી ચાર દિવસથી તાપમાનમાં વધારો થતાં ગરમીને અહેસાસ થતો હતો. શિયાળો ધીમે પગલે વિદાય લઇ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઇ હતી પરંતુ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણએ જણાવ્યું હતું કે પવનોની દિશા બદલાવાને કારણે હવે ફરી ઠંડીનો એક નવો રાઉન્ડ શરૂ થશે.

(બાઇટ- અભિમન્યુ ચૌહાણ, હવામાન વૈજ્ઞાનિક)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR SAHAY

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના શિયાણી ગામના રેથળીયા પરિવારના 4 લોકોના અકસ્માતમાં મોત થયા હતા. ત્યારે આ અકસ્માતમાં મૃત્યુ પામેલા પરિવારના દરેક સભ્ય માટે 4 લાખ રૂપિયા એમ કુલ 16 લાખ રૂપિયાની સહાય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂર કરી છે.

ઉલ્લેખનીય છે કે મૃતકોના પરિવારને સાંત્વના આપવા કેબીનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ શિયાણી ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મૃતકના વારસદારોને યોગ્ય સહાય મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# JAMNAGAR MACHIMAR 26TH PARADE INVITATION

આગામી પ્રજાસતાક પર્વ પર દિલ્હી પરેડમાં ઉપસ્થિત રહેવા જામનગર જિલ્લાના 8 માછીમારો ભાઈઓને આમંત્રણ મળતા જામનગરના માછીમાર સમાજમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમારા જામનગરના પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે સચાના ગામના 6 માછીમારો ભાઈઓને સરકાર દ્વારા આગામી પ્રજાસતાક પર્વ પર દિલ્હીમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મળ્યું છે, મુસ્લિમ વસ્તી ધરાવતા સચાના ગામમાં માછીમારો ભાઈઓને દિલ્હી ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ મળતા ગામના આગેવાનો તેમને અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . . .